ઉચ્ચતર પગાર ધોરણ યોજનાની
અસર બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
સરકારી ઠરાવ ક્રમાક: પગર-૧૧૨૦૦૪-૮૨-મ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧લી એપ્રિલ, ૨૦૦૪

વંચાણે લીધા:- (૧) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક: પગર-૧૧૯૪-
૪૪-મ, તા. ૧૬-૮-૯૪
(૨) સામાન્ય વહીવટ વિભાગનું જાહેરનામું ક્રમાંક:
જીએસ-૯૪-૧૬-કેબીવાય-૧૦૯૫-૧૩૭૫-ગ.૪
તા. ૩૦-૩-૯૪
(૩) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:
ભરત-૧૦૯૫-૧૮૫-ભાગ-૩-ક, તા. ૧૮-૫-૧૯૯૯

**<u>ઠરાવ</u>**

આમુખમાં(૧) માં દર્શાવેલા ઠરાવ ક્રમાંક (૧) દ્વારા ઉચ્ચતર પગાર ધોરણની યોજના તા. ૧-૬-૮૭ થી મૂળભૂત રીતે સુધારવામાં આવેલ છે. સદરહુ ઠરાવના પારા-૩(૨) માં જણાવ્યા મુજબ સબંધિત પગાર ધોરણમાં નવ વર્ષની સેવા એટલે માન્ય પદ્ધતિ દ્વારા ભરતી કરવામાં આવેલ હોય તેવા કર્મચારીની પ્રવરતાના હેતુ માટે ગણતરીમાં લેવાતી નિયમિત અને એક જ સંવર્ગ અને એક જ પગાર ધોરણમાં કરેલી સેવા ઉચ્ચતર પગાર ધોરણ આપવાના હેતુ માટે ગણતરીમાં લેવામાં આવશે.

આમુખ (૨) અને (૩) માં દર્શાવેલા સામાન્ય વહીવટ વિભાગના તા. ૩૦-૩-૯૪ ના જાહેરનામા અને તા. ૧૮-૫-૯૯ ના ઠરાવ મુજબ બિન સચિવાલયના કારકુન, કારકુન-કમ-ટાઇપીસ્ટ અને ટાઇપીસ્ટ તેમજ સચિવાલયના કારકુન અને મદદનીશોએ (હાલ નાયબ સેકશન અધિકારી) પૂર્વસેવા તાલીમાન્ત પરીક્ષા નિયત તકમાં પસાર કરેલ છે તેઓની જે તે સંવર્ગમાંની નિયમિત નિમણૂંક તથા પ્રવરતા તેમની તે સંવર્ગમાંની નિમણૂંકની તારીખથી ગણવામાં આવે છે. વધુમાં આ મુજબની પ્રવરતા નવેસરથી નિયત થતાં નિયમોનુસાર મળવાપાત્ર લાભો જેવા કે પગાર ભથ્થાં, ઉચ્ચતર પગાર ધોરણ, ઇજાફો વિગેરેમાં ફેરફાર થાય છે અને તે મુજબ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતાની તારીખમાં પણ ફેરફાર થાય છે. આથી પુખ્ત વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણની બદલાયેલ પાત્રતાની તારીખ મુજબ કર્મચારીના પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણની નવેસરથી વિચારણા કરીને અગાઉ મંજુર થયેલ ઉચ્ચતર પગાર ધોરણ વિનિયમિત કરવાનું રહે છે. આવી રીતે નવેસરથી વિચારણા કરતી વખતે જો કર્મચારીના પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણની તારીખ આગળ જતી હોય તો તેને એરીયર્સ ચુકવવાનું રહે છે. પરંતુ જો કર્મચારીના પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણની તારીખ પાછળ જતી હોય અને તેના કારણે વસુલાત કરવાની રહેતી હોય તો તેવા કિસ્સાઓમાં તારીખ

૧-૧-૮૬ થી તા. ૧૮-૫-૯૯ સુધીના સમયની વસુલાત કરવાની રહેતી નથી. પરંતુ તેમનો પગાર નોશનલ ગણીને તે મુજબ ખરેખરી અસર તા. ૧૮-૫-૯૯ થી આપવાની રહે છે અને તા. ૧-૧-૮૬ થી તા.૧૮-૫-૯૯ સુધીના સમયની વસુલાત જતી કરવાની રહેશે.

ત્યારબાદ ઉચ્ચતર પગાર ધોરણ યોજનાની શરતો અનુસાર દ્વિતીય અને તૃતીય ઉચ્ચતર પગાર ધોરણ અંગે પાત્રતા મુજબ નિર્ણય લેવાનો રહે છે.

૩. આવી રીતે ઉચ્ચતર પગાર ધોરણની અસર બાબતના ઉદાહરણો આ ઠરાવ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલા છે.

૪. આ હુકમો સામાન્ય વહીવટ વિભાગના પરામર્શમાં બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**એચ.ડી.સેઇલર**
ઉપસચિવ,
નાણા વિભાગ.

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
  માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
  સચિવાલયના સર્વે વિભાગો.
  સર્વે ખાતાના / કચેરીના વડાઓ.
  એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
  એકાઉન્ટન્ટ જનરલ-૨(એકાઉન્ટસ એન્ડ એન્ટાઇટલમેન્ટ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
  પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ /ગાંધીનગર.
  નિવાસી તપાસણી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર.
  નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ શાખાઓ.
  સર્વે માન્ય મંડળો.
  સિલેકટ ફાઇલ, મ-શાખા.

---

- પત્ર દ્વારા

## પરિશિષ્ટ

### ઉચ્ચતર પગાર ધોરણ યોજના બાબતે કરવાની રહેતી કાર્યવાહી અંગેના ઉદાહરણો નીચે મુજબ છે.

(૧) તા. ૧-૧૦-૧૯૮૦ ના રોજ નિમણૂંક પામેલ કારકુન, પૂર્વસેવા તાલીમમાં તા. ૧-૧-૧૯૮૧ ના રોજ ગયેલ છે અને પૂર્વસેવા તાલીમ પરીક્ષા તારીખ ૮-૫-૧૯૮૧ ના રોજ પાસ કરેલ છે. એટલે અગાઉના નિયમો મુજબ પ્રવરતાના હેતુ માટે ગણતરીમાં લેવાતી નિયમિત અને એક જ સંવર્ગ અને એક જ પગાર ધોરણમાં કરેલી સેવા મુજબ તા. ૮-૫-૧૯૮૧ ના રોજથી ગણતા નવ વર્ષ અને નવ ઇજાફા તા. ૮-૫-૧૯૯૦ ના રોજ થાય છે અને તા. ૮-૫-૧૯૯૦ થી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર થયેલ છે. હવે સામાન્ય વહીવટ વિભાગના સુધારેલા નિયમો મુજબ પ્રવરતાના હેતુ માટે ગણતરીમાં લેવાતી નિયમિત અને એક જ સંવર્ગ અને એક જ પગાર ધોરણમાં કરેલી સેવા મુજબ તા. ૧-૧૦-૧૯૮૦ ના રોજથી ગણતા નવ વર્ષ અને નવ ઇજાફા તા. ૧-૧૦-૧૯૮૯ ના રોજ થાય છે અને તા. ૧-૧૦-૧૯૮૯ થી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું રહે છે.

(૨) એક મદદનીશ તા. ૩૦-૧૧-૭૯ ના રોજ નીમાયેલ છે અને તેમની પૂર્વસેવા તાલીમાંત પરીક્ષા પાસ કર્યા તા. ૨૬-૯-૮૦ છે તેથી તેઓની નિયમિત નિમણૂંક તા. ૨૬-૯-૮૦ ગણતાં ૯ વર્ષ તા. ૨૬-૯-૮૯ એ પૂરા થતા પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થતું હતું પરંતુ તે પહેલાં તેમને તા. ૩-૮-૮૯ ના રોજ સેક્શન અધિકારી તરીકે બઢતી મળેલ હોવાથી પાત્રતાના આધારે સેક્શન અધિકારીની પ્રવરતાની તારીખથી ૯ ઇજાફાપાત્ર સેવા પૂર્ણ થતાં ઉપસચિવની જગ્યાનું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવામાં આવેલ છે.

હવે તા. ૧૮-૫-૯૯ ના ઠરાવ અન્વયે ઉક્ત કેસમાં મૂળ નિમણૂંકની તા. ૩૦-૧૧-૭૯ ને પ્રવરતાની તારીખ ગણવામાં આવતાં આ તારીખથી નવ વર્ષની ઇજાફાપાત્ર સેવા ગણતાં પાત્રતાના આધારે તા. ૩૦-૧૧-૮૮ થી સેક્શન અધિકારીની જગ્યાનું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ નાણા વિભાગના તા. ૧૬-૮-૯૪ ના ઠરાવની શરતોને આધીન મળશે કારણ કે તા. ૩૦-૧૧-૮૮ પછી તા. ૩-૮-૮૯ ના રોજ

તેમને સેક્શન અધિકારી તરીકે બઢતી મળેલ છે માટે તેમને સેક્શન અધિકારીની જગ્યા ઉપર મળેલું ઉપસચિવની જગ્યાનું અગાઉ મંજુર કરેલ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રદ કરવાનું થશે.

(3) એક મદદનીશ જુના પગાર ધોરણમાં તા. ૧-૧-૮૬ ના રોજ રૂા. ૪૭૫/- પગાર મેળવે છે અને તેમની ઇજાફા તા. ૧-૩-૮૬ છે. તા.૧૮-૫-૯૯ ના ઠરાવ મુજબ મૂળ નિમણૂંકની તારીખથી તેમના પગારનું રી-ફીક્સેશન કરતાં તેમની ઇજાફાની તારીખ ચાર મહિના જેટલી આગળ જાય તો તા. ૧-૧-૮૬ ના રોજ તેમનો પગાર રૂા. ૪૯૫/- થતો હોવા છતાં આ બંને તબક્કે સુધારેલા પગાર ધોરણમાં રૂા. ૧૬૪૦/- પગાર નક્કી થવાપાત્ર હોવાથી વાસ્તવિક રીતે નુકશાન જાય છે.

સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૮-૫-૯૯ ના ઠરાવનો અમલ કરતાં ઉક્ત કેસમાં પ્રવરતાની તારીખ ચાર મહિના જેટલી આગળ જશે અને ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો, ૧૯૮૭ અન્વયે જુના પગાર ધોરણમાં શરૂઆતના અમુક તબક્કાઓ સુધી પગાર મેળવતા કર્મચારીનો પગાર નવા પગાર ધોરણમાં એક જ તબક્કે નક્કી થાય તેવું બને છે. તેથી તા. ૧-૧-૮૬ એ રૂા. ૧૬૪૦/- પગાર નક્કી થશે અને પછીના ઇજાફાની તા. ૧-૧૧-૮૭ ના રોજ રૂા.૧૭૦૦/- પગાર થશે એટલે કે ઇજાફાની તારીખ પાછળ જશે.